ટેન્ડર ફોર્મ ફી રૂા.૫૦૦/–

# મગફળી બિયારણ જથ્થા પ્રોસેસીંગ / ગ્રેડીંગ માટેની મશીનરી / પ્લાન્ટની ખરીદી માટેનું ટેન્ડર ફોર્મ.

## વર્ષ – ૨૦૦૮ – ૦૯.

**મેનેજીંગ ડીરેકટર**

**ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ,**

**બીજ ભવન, સેકટર ૧૦ – એ., ગાંધીનગર**

વેબ સાઈટ : http://www.agri.gujarat.gov.in

વેચાણ વિભાગ – ફોન નં. (૦૭૯) – ૨૩૨૫૬૬૮૩, ૨૩૨૫૬૬૮૫

**ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ,**
**બીજ ભવન, સેકટર નં.૧૦–અ,**
**ફોન નં.(ઓ) (૦૭૯) ૨૩૨૫૬૬૮૩, ૨૩૨૫૬૬૮૫**
**ફેકસ નં. (ઓ) (૦૭૯) – ૨૩૨૫૬૭૧૮**

# મગફળી બિયારણ પ્રોસેસીંગ / ગ્રેડીંગ માટેની મશીનરી / પ્લાન્ટની ખરીદી માટેનું ટેન્ડર ફોર્મ.

**ભાગ–૧**

(૧) ટેન્ડરની વિગત :– મગફળી પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટની ખરીદી.

(૨) ટેન્ડર ફોર્મ ફી :– રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નોન રીફંડેબલ.

(૩) ટેન્ડર મેળવવા તથા ભરીને આપવાની વિગત :–

ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ,
" બીજ ભવન " સેકટર ૧૦–અ., ગાંધીનગર

(૪) ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને સમય :–
તારીખ : ૧૩/૦૩/૨૦૦૯ થી તારીખ : ૧૫/૦૪/૨૦૦૯
સમય : ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક (જાહેર રજાના દિવસો સિવાય)

(૫) ટેન્ડર ફોર્મ સ્વીકારવાની / ખોલવાની તારીખ – સમય :–
તા. ૧૬/૦૪/૨૦૦૯ સમય : ૧૬.૩૦ સુધી સ્વીકારવામાં આવશે. જે ૧૭.૦૦ કલાકે તે જ દિવસે વડી કચેરી – ગાંધીનગર ખાતે ઉપસ્થિત ટેન્ડરરોની હાજરીમાં ખોલવામાં આવશે.

(૬) ટેન્ડર ડીપોઝીટની રકમ :– રૂા.૫૦,૦૦૦–૦૦ (પચાસ હજાર પુરા)
ડીપોઝીટ પેટે ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર ફોર્મ સાથે આપવાનો રહેશે.

(૭) મશીનરી ખરીદીની સંખ્યા :– મગફળી ડોડવા પ્રોસેસીગ / ગ્રેડીગ મશીન કુલ – ૩ (ત્રણ).
(જુના મગફળી ગ્રેડર મશીન નંગ–૩ સામે રીપ્લેસમેન્ટ કરી ખરીદવાના થાય છે.)

(૮) ડીલીવરી પિરીયડ :– ઓર્ડર મળ્યેથી બે માસમાં ડીલીવરી આપવાની રહેશે.

(૯) મશીનરી ડીલીવરી સ્થળ :– ગુજરાત રાજય બીજ નિગમ લી.,
જુનાગઢ – અમરેલી – રાજકોટ.

(૧૦) મગફળી પ્રોસેસીગ/ગ્રેડીગ મશીનરીના સ્પેશીફીકેશન તથા મશીનની ડીઝાઈન :– પાના નં. <u>૩</u> થી <u>૫</u>

(૧૧) ટેન્ડરની શરતોઃ– પાના નં. <u>૬</u> થી <u>૮</u>

(૧૨) ટેન્ડરના ભાવો આપવા માટેનું ઓફર ફોર્મ :– પાના નંબર. <u>૯</u>

(૧૩) ટેન્ડરનું કરારનામું :– પાના નંબર. **<u>૧૦</u>**

(૧૪) ટેન્ડર ઈસ્યુ કરનાર :– મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત રાજય બીજ નિગમ લિ., ગાંધીનગર.

નોંધઃ– (૧) ટેન્ડર ફોર્મમાં કુલ :– **<u>૧૦</u>** પાના છે.
ટેન્ડર ફોર્મ સંપૂર્ણપણે ભરી દરેક પાના પર સહી / સિકકો કરી જરૂરી ડોકયુમેન્ટ સાથે રજૂ કરવાનું રહેશે.

**ગુજરાત રાજય બીજ નિગમ લિ.,**
**બીજ ભવન, સેકટર નં. ૧૦ – અ,**
**ફોન નં. (ઓ) (૦૭૯) ૨૩૨૫૬૬૮૩, ૨૩૨૫૬૬૮૫**
**ફેકસ નં. (ઓ) (૦૭૯) – ૨૩૨૫૬૭૧૮**

**ભાગ–૨**

**મગફળી ગ્રેડર મશીનના સ્પેશીફીકેશન :–**

**૧. ગોળ ચારણાની ફ્રેમ :–**

- સાઈડમાં 3" X 1.5" ઈંચની ચેનલ જાડાઈ ૫ મી.મી.
- ફ્રેમની લંબાઈ ૧૬ ફુટ, પહોળાઈ ૪.૫ ફુટ બહારની સાઈઝનું બારોબારનું માપ.
- આડા સપોર્ટ – આગળ – ૩ નંગ અને પાછળ – ૩ નંગ
  - – આગળના ૨ સપોર્ટ – 3" X 1.5" ચેનલ.
  - ૧ સપોર્ટ – 4" X 2" - ચેનલ.
  - – પાછળના ઉપર મુજબ.
  - – એન્ગલ 1.5" X 1.5", 5 મી.મી.
  - – એક આડા, બે ઉભા બંન્ને બાજુએ.
  - – સાઈડના પતરા ૧૮ ગેજ.
  - – મોટર સ્ટેન્ડ એન્ગલ 2" X 2" X 5 મી.મી.
- કાઉન્ટર (૧) મોટરની સામેનુ
  - – શાફટીંગ 1.5"
  - – TR ના યુપીસી બેરીગ.
  - (૨) ગીયર કાઉન્ટર
  - – શાફટીંગ 2"
  - – TR ના યુપીસી બેરીગ.

રાઉન્ડ ચારણાની શાફટીંગ :–
- – 2" ની
- – TR ના યુપીસી બેરીગ બંન્ને બાજુ વચ્ચે જોઈન્ટ શાફટીંગ ઉપરનો પાઈપ.

રાઉન્ડ ચારણાની રીંગોઃ–
- – ૪ નંગ.
- – સપોર્ટ પાટા 1.5" X 5 મી.મી. M.S.
- – લોખંડની ફલાન્સ –૪, ૮" ની X જાડાઈ ૫ મી.મી.

**૨ બ્લોઅર (પંખો) :–**

- બ્લોઅર સાઈઝ
  લંબાઈ 24" પહોળાઈ 36" ઉંચાઈ 54"
  બ્લોઅર ફ્રેમ :– 1.5" X 1.5" X 5 મી.મી. ની એન્ગલ
  - – પતરૂ ૧૮ ગેજ.
  - – બંન્ને શાફટીંગ 1.5" ની (પંખાની તથા ફીડરની)
  - – બેરીંગ TR યુપીસી. દરેકના ૪ નંગ.

૩. એલીવેટર :– ઉંચાઈ 13' ફુટ.
- – સાઈઝ 2.5 X 1.25 ફુટ.
- – એન્ગલ 1.25" X 4 મી.મી.
- – ઉપરની અને નીચેની બંન્ને શાફટીંગ 1.5"
- – TR યુપીસી બેરીંગ – ૪ નંગ.
- – સ્પોકેટ વ્હીલ – ૧૬ દાંતાના.
- – બકેટ 8" X 4" ના ૯ ઈંચના અંતરે ચેઈન ઉપર ફીટ કરવા.
- – ચેઈન ૫૭૮ M.S. – પીન ટાઈપ.
- – મોટર સ્ટેન્ડ અને એલીવેટરનું કનેકશન એલીવેટર સાથે આપવુ.
- – એલીવેટર ઓપરેટીંગ સીસ્ટમ – ગીયર બોકસ.

(૪) મોટર :– એલીવેટર મોટર:– ક્રોમ્પ્ટન કંપની – ૩ ફેઈઝ, ૨ હો.પા.
RPM - 960 / 1440
રાઉન્ડ ચારણાની મોટર:–ક્રોમ્પ્ટન કંપની – ૩ ફેઈઝ ૫ હો.પા.
RPM - 960
સ્ટાર્ટર :– ક્રોમ્પ્ટન કંપની ૫ હો.પા.

(૫) પુલી :– ૫ હો.પા. મોટરની પુલી :– 4.5" X 2B
– તેની સામેની પુલી (કાઉન્ટર પુલી) 18" X 2B
– કાઉન્ટર પુલી :– 4" X 2B
– ગીયર બોકસ પુલી :– 14" X 2B
– કાઉન્ટર ઉપરની પુલી :– 16" X 1B
– તેની સામે પંખાની પુલી :– 4" X 1B
– ગીયર બોકસની ફીડ શાફટીગ ઉપરની પુલી (૧) 14" ફલેટ.
– તેની સામેની પુલી (૨) 10" ફલેટ.

(૬) હોપર અને આઉટલેટ :– ૧૮ ગેઈજનુ પતરૂ સી.આર.સી.

(૭) વ્હીલ :– ૪ નંગ ફીયાટ કારના વ્હીલ.
ટાયર MRF કંપનીના.

(૮) જેક :– ૪ નંગ જેક મશીન ઉચુ નીચુ કરી શકાય તેવા.

(૯) ચારણાના રોલની જાળી :–
(૧) બહારની જાળી:– ૧ અને ૨ ભાગમાં
કેપ્સ્યુલ હોલ, જાળી ૩ આની (૩.૧૬) પતરૂ – ૨૦ ગેઈઝ
(૨) અંદરની જાળી :– ૧, ૨ અને ૩ ભાગમાં
કેપ્સ્યુલ હોલ ૭ આની પતરૂ – ૨૦ ગેઈઝ.

(૧૦) કેપેસીટી:– ૩ ટન પ્રતિ કલાક.

( મશીનની ડીઝાઈન)

ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ,
(ગુજરાત સરકારનું સાહસ)
રજી.કચેરી : બીજ ભવન, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
વેચાણ વિભાગ : (૦૭૯) – ૨૩૨ ૫૬૬૮૩ : ૨૩૨ ૫૬૬૮૬

**ભાગ–૩**

## મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટની ખરીદીના ટેન્ડરની શરતો :

(૧) મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટ / મશીનરીના ટેન્ડર તથા તે અન્વયે માંગવામાં આવેલ ડોકયુમેન્ટસ, ટેન્ડર ફી તથા ઈએમડી બંધ કવરમાં ટેન્ડરમાં જણાવેલ તારીખ,સ્થળ અને સમયે આપવાનું રહેશે. કવર ઉપર "મગફળી ગ્રેડીગ મશીન ખરીદીના ભાવ" લખવાનું રહેશે.

(૨) ટેન્ડરમાં દર્શાવેલ તારીખ/સમયે ટેન્ડરના ભાવ ભરનાર પાર્ટીઓની હાજરીમાં તારીખ :૧૬/૦૪/૨૦૦૯ સમય : ૧૭.૦૦ કલાકે ભરેલ ટેન્ડર ખોલવામાં આવશે.

(૩) કોઈપણ પ્રકારના શરતી ભાવ માન્ય રાખવામાં આવશે નહી આવું ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે. મગફળી પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટના કુલ ભાવ F.O.R. નિગમના રાજકોટ, જુનાગઢ અને અમરેલી ગોદામ ખાતે પહોચતા કરી ઈન્સ્ટોલેશન કરવા સુધીના તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે.

(૪) ટેન્ડરમાં દર્શાવવામાં આવેલ ખરીદી અંગેનો જથ્થો સંપુર્ણપણે અંદાજીત છે જેમાં નિગમની જરૂરિયાત મુજબ વધારો અથવા ઘટાડો કરવાની સત્તા મેનેજીંગ ડીરેકટરશ્રી હસ્તક રહેશે. જેથી જથ્થામાં વધારા–ઘટાડા બાબતે કોઈપણ જાતનો દાવો ટેન્ડર ભરનાર પાર્ટીનો માન્ય રાખવામાં આવશે નહી.

(૫) **મગફળી બિયારણ પ્રોસેસીંગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટ / મશીનરી**ના ગોદામ ખાતે ડીલીવરી મળ્યા બાદ બીલની રકમનું ૯૦% મુજબનું ચુકવણું ચેકથી ૩૦ દિવસમાં કરવામાં આવશે અને તે પછી બાકી રહેલ ૧૦% પેમેન્ટ પ્રિઓડીટ થયેથી મશીનરીની સંતોષકારક કામગીરીની ચકાસણી બાદ ૯૦ દિવસમાં ચેકથી કરવામાં આવશે.

(૬) કોઈપણ કારણ આપ્યા સિવાય ભાવ મંજુર કરવા કે નહી તે અંગેનો મેનેજીંગ ડીરેકટરશ્રીનો અબાધિત હકક રહેશે.

(૭) ટેન્ડર બાબતે કોઈ વાદ – વિવાદ ઉભો થાય તો આ નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ કરાર માટેના વાદ – વિવાદનો નિકાલ ગાંધીનગરની કોર્ટની હકૂમતને આધિન રહેશે.

(૯) બીલની ત્રણ નકલ ડીલીવરી સાથે જે તે ગોદામ ખાતે આપવાનું રહેશે. બીલ નિયમોનુસાર વેટ નંબર(ટીન નંબર) વાળુ આપવાનું રહેશે. તેમજ ઈન્કમટેક્ષ નંબર (પાન નંબર) દર્શાવવાનો રહેશે. જે બીલ જે તે શાખા ખાતેથી પ્રમાણપત્ર સાથે વડી કચેરી ખાતે મળ્યેથી ગાંધીનગર ખાતેથી ચુકવણું કરવામાં આવશે.

(૧૦) મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટ / મશીનરીનો જથ્થો નિગમના ગોદામ ખાતે ડીલીવરી આપવાના સમયે અનલોડીગ ચાર્જ પાર્ટીએ ભોગવવાનો રહેશે તથા ગોડાઉન ખાતે જરૂરી ઈન્સ્ટોલેશન સ્વ ખર્ચે કરી આપવાનુ રહેશે. ઉપરાંત નિગમના જુના મગફળી ગ્રેડર મશીનો સ્વ ખર્ચે લઈ જવાના રહેશે.

(૧૧) ટેન્ડર / ઓર્ડરમાં જણાવેલ સમયમર્યાદામાં મશીનરીની જે તે ગોડાઉન ખાતે ડીલીવરી આપવાની રહેશે જણાવેલ સમયમર્યાદામાં ડીલીવરી આપવામાં નહી આવે તો અને વિલંબના વ્યાજબી કારણો સિવાય ટેન્ડર ડીપોઝીટના ૧૦ ટકા પેનલ્ટી / દંડ જે કંઈ નિગમ નકકી કરે તે ચુકવવાની રહેશે. વિલંબના કારણોનું વ્યાજબીપણું નકકી કરવા માટે નિગમનો નિર્ણય આખરી ગણાશે.

(૧૨) ટેન્ડર / ખરીદી ઓર્ડરમાં દર્શાવ્યા મુજબની સમયમર્યાદામાં **મગફળી બિયારણ પ્રોસેસીંગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટ / મશીનરી** પુરી પાડવામાં નહી આવે તો ટેન્ડર ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૩) ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ડીપોઝીટ પેટેનો **ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ,** ના નામનો **ગાંધીનગરમાં** ચુકવવાપાત્ર **રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફટ** ઈએમડી, કવરમાં સાથે આપવાનો રહેશે. ટેન્ડર ડીપોઝીટ વગરના ભાવ માન્ય રાખવામાં આવશે નહી. ડ્રાફટ સિવાય અન્ય કોઈ ગેરંટી માન્ય રાખવામાં આવશે નહી. ટેન્ડર ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ જાતનું વ્યાજ ચુંકવવામાં આવશે નહી.

(૧૪) ટેન્ડર ભરનાર પાર્ટીએ પોતાનું નામ, સરનામુ, રજીસ્ટર્ડ કચેરી, ઈન્કમટેક્ષ નં. (PAN No.), VAT No. (ટીન નંબર), સર્વિસ ટેક્ષ નંબર તથા અન્ય વિગતો સત્ય અને સ્પષ્ટ જણાવવી. જે નામે ટેન્ડર ભરવાનું હોય તે નામની જ વિગત આપવાની રહેશે. ખોટી માહિતી રજૂ કરનારના ભાવ મંજુર કરવામાં આવશે નહી. તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૫) નિગમની સદર આઈટમની જરુરીયાતને ધ્યાને લઈને મંજૂર થયેલ L-1 પાર્ટીના ભાવથી ભાવ ભરેલ ટેન્ડરર પૈકીના કવોલીફાઈડ ક્રમાનુસાર એક યા વધુ ટેન્ડરરને નિગમ ઓર્ડર આપી શકશે. જે L-1 પાર્ટીએ માન્ય રાખવાના રહેશે.

(૧૬) ઓન લાઈન ટેન્ડર ફોર્મ મેળવેલ ટેન્ડરરે ફોર્મ ફી પેટે રૂા. ૫૦૦/– નો "ગુજરાત રાજય બીજ નિગમ લિ.," ના નામનો "ગાંધીનગર" ખાતે ચુકવવા પાત્ર રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ EMD કવરમા આપવાનો રહેશે. ટેન્ડર ફોર્મ ફી સિવાય ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

(૧૭) **મગફળી બિયારણ પ્રોસેસીંગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટ / મશીનરીના** ખરીદીના ભાવ ટેન્ડર ફોર્મ નમુનામાં આપેલ આઈટમ મુજબ તમામ પ્રકારના ટેક્ષ સાથેના નિગમના રાજકોટ, જુનાગઢ, અમરેલી ખાતે ના ગોડાઉન પહોચતા ડીલીવરી આપવા સુધીના આપવાના રહેશે. જેનુ કોઈપણ જાતનું વાહનભાડુ ચુકવવામાં આવશે નહી. ઉપરાંત નિગમના જુના મગફળી ગ્રેડર મશીનોના ભાવ બાદ કરી ચુકવવા પાત્ર નેટ ભાવ જણાવવાના રહેશે.

(૧૮) ટેન્ડરના મંજુર થયેલ ભાવવાળી પાર્ટીએ ઓર્ડર તારીખથી દિન–૧૦ માં રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર શરતો સાથેનું કરારનામું નોટરી કરાવીને આપવાનું રહેશે.

(૧૯) નિગમ દવારા ખરીદી કરવામાં આવેલ મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટ નિગમના તાંત્રિક અધિકારી અથવા આ બાબતના જાણકાર નિષ્ણાંત પાસે સ્પેશીફીકેશન મુજબ ચકાસણી કરાવવામાં આવશે.

(૨૦) ટેન્ડરરે ટેન્ડરમાં સહી કરનાર પાર્ટીના નામનો ઓથોરીટી લેટર / પાવર ઓફ એટર્ની ( પ્રોપરાઈટરી ફર્મ અથવા પાર્ટનરશીપ ફર્મના કિસ્સામાં) તથા બોર્ડ રીજોલ્યુશન (કંપનીના કિસ્સામાં) રજુ કરવાનું રહેશે.

(૨૧) ટેન્ડર ભરનાર પાર્ટીએ ફર્મ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, શોપ્સ એન્ડ એસ્ટબ્લીસમેન્ટ સર્ટીફીકેટ ( પ્રોપરાઈટરી ફર્મ ના કિસ્સામાં), પાર્ટનરશીપ ડીડ તથા મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસીએશન (કંપનીના કિસ્સામાં) રજુ કરવાનું રહેશે.

(૨૨) **<u>મગફળી બિયારણ પ્રોસેસીંગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટ રીપ્લેસમેન્ટ બાબત.</u>**

(અ) નિગમના રાજકોટ, જુનાગઢ, અમરેલી ખાતે હાલમાં મગફળી ગ્રેડર મશીન જે હાલતમાં છે તે હાલતમાં જે પાર્ટીના ખરીદ ભાવ મંજુર થાય તે પાર્ટીએ સદર પ્લાન્ટ પરત ખરીદી કરવાના રહેશે.

(બ) નિગમના મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટ ના ભાવો ઓફર ભાવ પત્રકમાં આપવાના રહેશે જેમાં જુના મગફળી ગ્રેડર મશીનોની કિંમત બાદ કરી ખરીદ ભાવ નકકી થતા જે પાર્ટીના સૌથી ઓછા જણાશે તે ભાવો સ્વીકારવામાં આવશે.

(ક) નિગમના જુના મગફળી ગ્રેડર મશીનો પાર્ટીએ પોતાના ખર્ચે નિગમના જે તે ગોદામ ખાતેથી પહોચ પ્રમાણપત્ર આપી મેળવવાના રહેશે.

(ડ) નિગમના રાજકોટ, જુનાગઢ, અમરેલી ખાતે રાખવામાં આવેલ જુના મગફળી ગ્રેડર મશીનો ટેન્ડરની જણાવેલ તારીખો દરમ્યાન રૂબરૂ જોઈ શકાશે.

(ઈ) મગફળી ગ્રેડીગ મશીનનાં ઓફર ભાવોમાં જુના મશીનનાં રીપ્લેસમેન્ટ ભાવો આપવાના રહેશે જે ભાવ સિવાયનાં ભાવો માન્ય રાખવામાં આવશે નહિ.

**મેનેજીંગ ડીરેકટર**

# : એકરારનામુ :

આથી હું શ્રી ................................................ મોજે.....................
એકરાર સાથે જણાવું છુ કે, સદર ટેન્ડરમાં દર્શાવેલ તમામ શરતો **૧** થી **૨૨** મને માન્ય છે. તથા ટેન્ડરમાં જણાવેલ ગુણવત્તાવાળા **મગફળી બિયારણ પ્રોસેસીંગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટ** જુના મગફળી ગ્રેડર મશીનો સામે મારા ઓફર ભાવથી પુરા પાડવાની બાંહેધરી આપુ છુ.

સ્થળ :– ........................

પાર્ટીની સહી :– ...............

તારીખ :– ...................

સિકકો :.........................
................................

ભાગ–૪

મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટ ખરીદીના ભાવ ભરવા માટેનુ નમુના ફોર્મ.

ટેન્ડરર ફર્મનું નામ :– .............................................
માલિકનું નામ :– ..............................................
સરનામુ :– ..............................................
..............................................
..............................................
તારીખ :– .......................

પ્રતિ,
શ્રી મેનેજીગ ડીરેકટર,
ગુજરાત રાજય બીજ નિગમ લિ.,
ગાંધીનગર

વિષયઃ– ટેન્ડર ડોકયુમેન્ટ મુજબ મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટ ખરીદીના ભાવ આપવા બાબત.
અનુ. ટેન્ડર ડોકયુમેન્ટ

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે, ઉપરોકત વિષય તેમજ આપની વર્તમાન પત્રની જાહેરાત અન્વયે મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટ ની ખરીદી માટેના આપના ટેન્ડરની શરતો તેમજ સ્પેશીફીકેશનને આધિન મારા ઓફર ભાવ હું નીચેની વિગતે આપુ છુ જેની ડીપોઝીટ પેટેનો ડ્રાફટ તથા ટેન્ડર ફોર્મ અને અન્ય માંગેલ વિગતો સામેલ છે.

**<u>ઓફર ભાવની વિગત નીચે મુજબ છે.</u>**

| અ.નં. | વિગત | રાજકોટ/જુનાગઢ/અમરેલી શાખા ખાતે ડીલીવરી આપવા તથા ઈન્સ્ટોલેશન કરી આપવા સહિતના તમામ ટેક્ષ સાથેના ૧ નંગ પ્લાન્ટ / મશીનના ભાવ. |
|---|---|---|
| ૧ | મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટ પ્રતિ એક નંગના ભાવ | રૂા......................... |
| ૨ | બાદ – નિગમના જુના મગફળી ગ્રેડીગ મશીન ના રીપ્લેસમેન્ટ / વળતરના પ્રતિ એક નંગના ભાવ | રૂા......................... |
| ૩ | મગફળી બિયારણ પ્રોસેસીગ / ગ્રેડીગ મશીનરી / પ્લાન્ટનો પ્રતિ એક નંગનો નેટ ખરીદ ભાવ | રૂા. ......................... |

અન્ય વિગતઃ– (નીચેની વિગતોની નકલો ટેન્ડર સાથે બિડાણ કરવાની રહેશે.)

૧. ઈન્કમટેક્ષ (PAN ) નંબર :– .................................................
૨. VAT No. :– ......................... .........................
૩. સર્વિસ ટેક્ષ નંબર :– ......................... .........................
૪. કંપનીનો રજીસ્ટ્રેશન નંબર :– ......................... .........................
૫. માલિકની વિગત :– ......................... .........................
૬. ટેન્ડર ડીપોઝીટની વિગત : ડી.ડી.નંબરઃ– ......................... તા. .................
: રકમ રૂા. ૫૦,૦૦૦/– બેન્કઃ– .........................
૭. ટેન્ડર ફોર્મ ફી ની વિગત : ડી.ડી.નંબરઃ– ......................... તા. ..................
: રકમ રૂા. ......................... બેન્કઃ– ...................

સ્થળઃ– સહી :

તારીખ :– સિકકો :

**ભાગ –૫**

## <u>કરાર કરવા માટેનુ નમુના ફોર્મ</u>

ટેન્ડર મંજુર થનાર પાર્ટીએ
રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર
આપવાનું કરાર નામુ / નોટરી
કરાવવું.

## <u>કરાર નામુ</u>

આથી હું શ્રી / મેસર્સ ...........................................................................
સરનામુ ...................................................................................................
તાલુકો ....................... જીલ્લો .................. બાંહેધરી લખી આપુ છુ કે, **ગુજરાત રાજય બીજ નિગમ લિ., ગાંધીનગર** ધ્વારા **મગફળી બિયારણ પ્રોસેસીંગ / ગ્રેડીગ મશીન / પ્લાન્ટ / મશીનરી** ખરીદીનુ ટેન્ડર મંજુર થતા મને નિગમના ઓર્ડર નં. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .તા. ........... થી ઓર્ડર મળેલ છે. જે ટેન્ડરમાં દર્શાવેલ / જણાવેલ તમામ શરતો / વિગતો **નંબર ૧ થી ૨૨** સુધીની તમામ શરતો મેં વાંચી છે અને બરાબર સમજી છે. ટેન્ડરમાં જણાવેલ ગુણવત્તા મુજબનો ઓર્ડરમાં જણાવ્યા મુજબના **બે** માસની સમયમર્યાદામાં આપેલ મંજુર થયેલ ભાવથી મશીનરી પુરી પાડવાની ખાત્રી આપુ છુ અને તમામ શરતો મને બંધનકર્તા રહેશે. નિગમની તમામ શરતો / વિગતો મને માન્ય છે. જે બાબતે આ કરાર કરી આપુ છું.

**કરાર લખાવી લેનાર** — **કરાર લખી આપનાર**

મેનેજીંગ ડીરેકટર
ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ,
સેકટર ૧૦ – અ.,
ગાંધીનગર

પાર્ટીની સહી :– ............................
પાર્ટીનું નામ / સિકકો
સરનામુ :–

**કરાર પ્રમાણિત કરી આપનાર નોટરીનો સહી / સિકકો.**

સ્થળ :– ..........................

તારીખ : .........................